॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# <u>સત્સંગદીક્ષા</u>

## મુખપાઠ શ્રેણી : ૦૯

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

### (ગુજરાતી શ્લોકનું ભાષાંતર)

| | |
|---|---|
| **શ્લોક - ૧૨૧** | નિંદા, લજ્જા, ભય કે મુશ્કેલીઓને લીધે ક્યારેય સત્સંગ, સ્વામિનારાયણ ભગવાન, તેમની ભક્તિ અને ગુરુનો ત્યાગ ન કરવો. |
| **શ્લોક - ૧૨૨** | ભગવાન અને ભક્તોની સેવા શુદ્ધભાવે, મારાં મોટાં ભાગ્ય છે એમ માનીને પોતાના મોક્ષ માટે કરવી. |
| **શ્લોક - ૧૨૩** | સત્સંગ અને ભજન વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહીં. આળસ તથા પ્રમાદ વગેરેનો હંમેશાં પરિત્યાગ કરવો. |
| **શ્લોક - ૧૨૪** | ભજન કરતાં કરતાં ક્રિયા કરવી. આજ્ઞા અનુસારે કરવી. આમ કરવાથી ક્રિયાનું બંધન ન થાય, ક્રિયાનો ભાર ન લાગે અને ક્રિયાનું માન ન આવે. |
| **શ્લોક - ૧૨૫** | સેવા, કથા, સ્મરણ, ધ્યાન, પઠનાદિ તથા ભગવત્કીર્તન વગેરેથી સમયને સુફળ કરવો. |
| **શ્લોક - ૧૨૬** | સત્સંગનો આશરો પોતાના દુર્ગુણોને ટાળવા, સદ્‌ગુણોને પ્રાપ્ત કરવા અને પોતાના પરમ કલ્યાણ માટે કરવો. |
| **શ્લોક - ૧૨૭** | સ્વામિનારાયણ ભગવાન તથા ગુણાતીત ગુરુઓની પ્રસન્નતા પ્રાપ્ત કરવા સદા સત્સંગનો આશરો કરવો. |
| **શ્લોક - ૧૨૮** | અહો ! આપણને અક્ષર અને પુરુષોત્તમ બંને અહીં જ મળ્યા છે. તેમની પ્રાપ્તિના કેફથી સત્સંગના આનંદને સદાય માણવો. |
| **શ્લોક - ૧૨૯, ૧૩૦** | સેવા, ભક્તિ, કથા, ધ્યાન, તપ તથા યાત્રા ઈત્યાદિ સાધન કરીએ તે માને કરીને, દંભે કરીને, ઈર્ષ્યાએ કરીને, સ્પર્ધાએ કરીને, દ્વેષે કરીને કે પછી લૌકિક ફળની ઇચ્છાથી ન જ કરવું. પરંતુ શ્રદ્ધાએ સહિત, શુદ્ધભાવથી અને ભગવાનને રાજી કરવાની ભાવનાથી કરવું. |
| **શ્લોક - ૧૩૧** | ભગવાન તથા ગુરુને વિષે મનુષ્યભાવ ન જોવો. કારણ કે અક્ષર અને પુરુષોત્તમ બંને માયાથી પર છે, દિવ્ય છે. |
| **શ્લોક - ૧૩૨** | ભગવાન તથા ગુરુને વિષે વિશ્વાસ દૃઢ કરવો, નિર્બળતાનો ત્યાગ કરવો, ધીરજ રાખવી તથા ભગવાનનું બળ રાખવું. |
| **શ્લોક - ૧૩૩** | સ્વામિનારાયણ ભગવાનનાં લીલાચરિત્રોનું શ્રવણ, કથન, વાંચન, મનન તથા નિદિધ્યાસન કરવું. |
| **શ્લોક - ૧૩૪** | મુમુક્ષુઓએ પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ ગુરુનો પ્રસંગ સદા પરમ પ્રીતિ અને દિવ્યભાવથી કરવો. |
| **શ્લોક - ૧૩૫** | અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુને વિષે દૃઢ પ્રીતિ એ જ બ્રાહ્મી સ્થિતિ તથા ભગવાનના સાક્ષાત્કારને પામવાનું સાધન છે. |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૦૯

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

**સંસ્કૃત શ્લોકો (ગુજરાતીમાં)**

| | |
|---|---|
| **શ્લોક - ૧૨૧**<br>નિંદાલજ્જાભયાપદ્‌ભ્યઃ સત્સંગં ન પરિત્યજેત્ ।<br>સ્વામિનારાયણં દેવં તદ્‌ભક્તિં કર્હિચિદ્ ગુરુમ્ ॥ ૧૨૧ ॥<br><br>**શ્લોક - ૧૨૨**<br>સેવા હરેશ્ચ ભક્તાનાં કર્તવ્યા શુદ્ધભાવતઃ ।<br>મહદ્‌ભાગ્યં મમાસ્તીતિ મત્વા સ્વમોક્ષહેતુના ॥ ૧૨૨ ॥ | **શ્લોક - ૧૨૯, ૧૩૦**<br>સેવાભક્તિકથાધ્યાનતપોયાત્રાદિ સાધનમ્ ।<br>માનતો દંભતો નૈવ કાર્યં નૈવેર્ષ્યયા તથા ॥ ૧૨૯ ॥<br>સ્પર્ધયા દ્વેષતો નૈવ ન લૌકિકફલેચ્છયા ॥<br>શ્રદ્ધા શુદ્ધભાવેન કાર્યં પ્રસન્નતાધિયા ॥ ૧૩૦ ॥ |
| **શ્લોક - ૧૨૩**<br>નેયો ન વ્યર્થતાં કાલઃ સત્સંગં ભજનં વિના ।<br>અસ્યં ચ પ્રમાદાદિ પરિત્યાજ્યં હિ સર્વદા ॥ ૧૨૩ ॥ | **શ્લોક - ૧૩૧**<br>દશ્યો ન માનુષો ભાવો ભગવતિ તથા ગુરૌ ।<br>માયાપરૌ યતો દિવ્યાવક્ષરપુરુષોત્તમૌ ॥ ૧૩૧ ॥ |
| **શ્લોક - ૧૨૪**<br>કુર્યાદ્ધિ ભજનં કુર્વન્ ક્રિયા આજ્ઞાનુસારતઃ ॥<br>ક્રિયાબંધઃ ક્રિયાભારઃ ક્રિયામાનસ્તતો નહિ ॥ ૧૨૪ ॥ | **શ્લોક - ૧૩૨**<br>વિશ્વાસો સુદૃઢીકાર્યો ભગવતિ તથા ગુરૌ ।<br>નિર્બલત્વં પરિત્યાજ્યં ધાર્યં ધૈર્યં હરેર્બલમ્ ॥ ૧૩૨ ॥ |
| **શ્લોક - ૧૨૫**<br>સેવયા કથયા સ્મૃત્યા ધ્યાનેન પઠનાદિભિઃ ।<br>સુફલં સમયં કુર્યાદ્ ભગવત્કીર્તનાદિભિઃ ॥ ૧૨૫ ॥ | **શ્લોક - ૧૩૩**<br>કાર્યં લીલાચરિત્રાણાં સ્વામિનારાયણપ્રભોઃ ।<br>શ્રવણં કથનં પાઠો મનનં નિદિધ્યાસનમ્ ॥ ૧૩૩ ॥ |
| **શ્લોક - ૧૨૬**<br>સ્વદુર્ગુણાન્ અપાકર્તું સંપ્રાપ્તું સદ્‌ગુણાસ્તથા ।<br>સત્સંગાશ્રયણં કાર્યં સ્વસ્ય પરમમુક્તયે ॥ ૧૨૬ ॥ | **શ્લોક - ૧૩૪**<br>પ્રસંગઃ પરયા પ્રીત્યા બ્રહ્માક્ષરગુરોઃ સદા ।<br>કર્તવ્યો દિવ્યભાવેન પ્રત્યક્ષસ્ય મુમુક્ષુભિઃ ॥ ૧૩૪ ॥ |
| **શ્લોક - ૧૨૭**<br>પ્રસન્નતાં સમાવાપ્તું સ્વામિનારાયણપ્રભોઃ ।<br>ગુણાતીતગુરૂણાં ચ સત્સંગમાશ્રયેત્ સદા ॥ ૧૨૭ ॥ | **શ્લોક - ૧૩૫**<br>બ્રહ્માક્ષરે ગુરૌ પ્રીતિર્દૃઢૈવાસ્તિ હિ સાધનમ્ ।<br>બ્રહ્મસ્થિતેઃ પરિપ્રાપ્તેઃ સાક્ષાત્કારસ્ય ચ પ્રભોઃ ॥ ૧૩૫ ॥ |
| **શ્લોક - ૧૨૮**<br>અહો ઈહૈવ નઃ પ્રાપ્તાવક્ષરપુરુષોત્તમૌ ।<br>તત્પ્રાપ્તિગૌરવાન્નિત્યં સત્સંગાનંદમાપ્નુયાત્ ॥ ૧૨૮ ॥ | |